ગાંધીનગર સીવીલ ધીરે ધીરે અદ્યતન સુવિધાઓથી સજ્જ થઈ રહી છે. નવા રંગરૂપ સાથે તબીબી સારવાર પણ સારી અપાઈ રહી છે તે આ દર્દઓની લાંબી કતારો જોઈને ખ્યાલ આવે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

દેશને ચોકીદારની નહીં પણ હકક અને અધિકારની જરૂર છે : રાહુલ

બાલાસિનોરમાં વિશાલ જનમેદનીને કોંગ્રેસના રાષ્ટ્રીય નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીનો સંબોધન : સંઘ, ભાજપ તથા નરેન્દ્ર મોદી ઉપર ભારે આકરા પ્રહારો

અમદાવાદ, તા.૧૧

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે બાલાસિનોર ખાતે એક વિશાળ જનમેદનીને સંબોધતા રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉપર ભારે તેજાબી પ્રહારો કરતા જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘની વિચારધારા ઝેરીલી છે. અને તેમને નરેન્દ્ર મોદીની સરખામણી હિટલર સાથે કરતા એમ પણ જણાવ્યું કે દેશને આજે ચોકીદારની નહીં પરંતુ હકક અને અધિકારની જરૂર છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા યોજાયેલી સદયાત્રાના સમાપન પ્રસંગે બાલાસિનોર ખાતે યોજાયેલી એક જાહેરસભામાં રાહુલ ગાંધી પોતાના આકમક મિજાજમાં નરેન્દ્ર મોદીના કહેવાતા વિકાસ મોડલ ઉપર પણ ભારે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતનો વિકાસ તો અહીંની જનતાની આભારી છે પરંતુ કેટલાક લોકો આ કામ પોતે કર્યા હોવાનું જશ લઈ રહ્યા છે. પોતાની જાતને દેશના ચોકીદાર તરીકે રજુ કરનાર નરેન્દ્ર મોદી સામે વ્યંગ કરતા તેમણે કહ્યું કે ભારતે ભૂતકાળમાં ઘણા ચોકીદાર જોયા છે, અને અંગ્રેજોએ પણ ભારતની ચોકીદારી કરી હતી. પરંતુ આપણે ચોકીદારને હાંકી કાઢ્યા હતા. દેશને આજે ચોકીદારની નહીં પરંતુ હકકની જરૂર છે. દેશને ચોકીદારી કરવાની વાતો કરનાર લોકોએ સમજી લેવું જોઈએ કે ગરીબોની જમીન છીનવી લે તેને ચોરી કહેવાય, ચોકીદારી નહીં. રાહુલે કહ્યું કે દેશમાં ગુજરાત ચમકી રહ્યું તેવો અપ્રચાર કરવામાં આવી રહ્યું છે. ગુજરાતે કોઈ એક વ્યક્તિના કારણે વિકાસ નથી કર્યો. વાસ્તવમાં ગુજરાત કુપોષણનો શિકાર છે અને અનેક બાળકો તેનો ભોગ બની રહ્યા છે. ગુજરાતના અનેક ક્ષેત્રો આજે પણ વિકાસથી વંચિત છે. ગુજરાતમાં માત્ર કેટલાક ગણ્યા ગાઠ્યા ઉદ્યોગપતિઓનો જ વિકાસ થયો છે. અને જેમને લાભ આપવામાં આવે છે. નરેન્દ્ર મોદીનું નામ લીધા સિવાય રાહુલ ગાંધીએ જણાવ્યું કે હિટલર પણ માનતો હતો કે તેની પાસે બધું જ જ્ઞાન છે, હિટલરની વિચારસરણી એવી હતી કે તે લોકોની વાતો સાંભળતો જ નહીં.

ગુજરાતે મહાત્મા ગાંધી અને સરદાર પટેલ આપ્યા તે વાતનો ઉલ્લેખ કરતા રાહુલે કહ્યું કે ગાંધીજી અને સરદાર પટેલે કોંગ્રેસ બનાવી હતી. માત્ર સરદાર પટેલના પુતળાની વાતો કરનાર વિરોધ પક્ષે સરદાર પટેલને સમજવા જોઈએ. ગુજરાતના વિકાસમાં મહિલાઓ સરકારી ક્ષેત્રે આપેલા યોગદાનનો ઉલ્લેખ કરતા રાહુલ ગાંધીએ શ્વેતકાંતિનો દાખલો ટાક્યો હતો. તેમણે કહ્યું કે અમુલ કંપનીએ વિશ્વભરમાં ડંકો વગાડ્યો છે પરંતુ અમુલની કાંતિનો ભાજપના જ નેતાઓએ વિરોધ કર્યો હતો. રાહુલ ગાંધીએ કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ સરકારે કરેલા વિકાસનો ઉલ્લેખ કરતા કહ્યું કે મનરેગા અને માહિતી અધિકાર સહિતના કાયદા લાવીને યુપીએ સરકારે પ્રજાને અધિકારો આપ્યા છે.

દેશે છેલ્લા ૬૦ વર્ષમાં જે પણ પ્રગતિ કરી છે તે કોંગ્રેસ કે ભાજપના કારણે નહીં પરંતુ દેશની જનતાના કારણે થઈ છે. બાલાસિનોર ખાતેની જાહેરસભા સંપન્ન થયા બાદ કોંગ્રેસના ઉપાધ્યાક્ષ રાહુલ ગાંધી સુરેન્દ્રનગર જીલ્લાના પાટડી તાલુકાના ખારાઘોડા ગામે અગરિયાઓની મુલાકાત લઈ તેમની સમસ્યાઓ સાંભળી હતી. અને તેના ઝડપી નિરાકરણની અગરિયાઓને ખાતરી આપી હતી. રાહુલ ગાંધીની આ મુલાકાત દરમિયાન કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા, વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, પૂર્વ નેતા શક્તિસિંહ ગોહિલ, ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામત, પૂર્વ પ્રદેશ પ્રમુખ સિદ્ધાર્થ પટેલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનશા પટેલ, ભરતસિંહ સોલંકી, તુષાર ચૌધરી સહિત અનેક આગેવાનો જોડાયા હતા.

રાહુલે ઝુંપડામાં જઈને ફરી બાજરીનો રોટલો આરોગ્યો

અમદાવાદ, તા.૧૧

ગુજરાતની મુલાકાતે આવેલ કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ બાલાસિનોર ખાતે જંગી જાહેરસભાને સંબોધન કરીને બપોરે ૩:૩૦ કલાકે સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડા ખાતે મીઠું પકવતા અગરિયા મજદૂર ભાઈ-બહેનો સાથે વાર્તાલાપ કર્યોહતો.

સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડા ખાતે અગરિયા પરિવારની જીવન સ્થિતિ વિશે રૂબરૂ અનુભવ માટે પ્રથમ અગરિયા પરિવાર મનિષાબેન ઝખવાડીયાના ઝુપડાની મુલાકાત લીધી હતી. તેમના ઘરમાં શું અનાજ રાંધવામાં આવ્યું છે ? ઘરમાં અનાજ કેટલું છે ? કામ કરતી વખતે કેટલી મજુરી મળે છે ? સહિતની જાણકારી મેળવી હતી. સવારનો બનાવેલ બાજરીનો રોટલો રાહુલ ગાંધીએ ચાખ્યા બાદ અગરિયા પરિવાર લાગણીસભર થઈ ગયો હતો મનિષાબેને રાહુલ ગાંધીના મીઠણાં-દુઃખણા લીધા હતા રસ્તામાં શાળાના બાળકોને જોઈને રાહુલજી ઉભા રહીને બાળકોને રૂબરૂ મળ્યા હતા. ત્યારબાદ રાહુલ ગાંધીની ગાડીમાં જ અગરિયા બહેન મનિષાબેન વાર્તાલાપ સ્થળ ઉપર ગયા હતા. ૪૦૦થી વધુ મીઠું પકવતા અગરિયા ભાઈ-બહેનો સાથે તેમના દિનચર્યા, રોજગારી, શિક્ષણ, આરોગ્ય સહિતની સમસ્યાઓ તેમની ભાષામાં જ રૂબરૂ સાંભળી હતી. મીઠું પકવતા અગરિયા બહેનોએ મીટાના ભાવ અને નમકના પટાની લીઝ અંગે વ્યાપક રજુઆતો કરી હતી એક તરફ કોંગ્રેસની કેન્દ્ર સરકાર જમીનના અદિકાર આપે છે. ગુજરાતની સરકાર તેનો અમલ કરતી નથી. ઉપરથી (કેન્દ્રથી) તો ઘમા વરસાદ (નાણાં) આવે છે અમારા સુધી પહોંચતો નથી, આવી તળપદી ભાષામાં ભ્રષ્ટાચારને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સમક્ષ ઉજાગર કર્યો હતો. ગ્રામીણ રોજગાર (મનરેગા) ક્ષેત્રે સાત સાત વર્ષથી મજુરી ચુકવાતા નથી.

ગુજરાત સરકાર ગરીબ પરિવારમાંથી પુત્ર કે ભાઈ અલગ પડે તો તેમને બીપીએલ કાર્ડને બદલે એપીએલ કાર્ડ આપવામાં આવે છે એટલે કે ગુજરાત સરકાર ગરીબી દૂર કરવાને બદલે ગરીબોને દૂર કરી રહી છે. અમારા ઉપર નળીયું અને નીચે તળીયું આવી વિષમ પરિસ્થિતિ છે. પીવાનું પાણી, આરોગ્ય, શિક્ષણ, રોજગાર સહિત અનેક બાબતોએ મીઠું પકવતા અગરિયાના મજદુર ભાઈ-બહેનોની વ્યથા સાંભળીને કોંગ્રેસ પક્ષના ગાંધી ગળગળા થઈ ગયા હતા. વાર્તાલાપના અંતમાં રાહુલે તમામ ભાઈ-બહેનોને દિલથી આત્મીયતાથી જણાવ્યું હતું કે, કોંગ્રેસપક્ષ અને મારા માટે હંમેશા ગરીબો કેન્દ્ર સ્થાને છે.

પાલનપુરમાં જાણીતા કંપનીના લેબલ લગાવેલા ચાઈના બનાવટના પોલીસે ૧૨૩ નંગ મોબાઈલ જપ્ત કર્યા

પાલનપુર, તા. ૧૧

પાલનપુરના કોઝી વિસ્તારમાં પોલીસે શકના આધારે બે શખ્સોની તલાશી લેતાં તેમની પાસેથી જાણીતા કંપનીના લેબલ લગાવેલા ચાઈના બનાવટના મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આ અંગે બંનેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે. પાલનપુર પિશ્ચમ પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ વી.બી.મકવાણા, સ્ટાફના હે.કો.સુમેરસિંહ, કાન્તિલાલ, અબ્દુલખાન અને મુકેશભાઈ સાથે સોમવારે સાંજના સુમારે કોઝી વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. તે દરમિયાન શકના આધારે બે શખ્સો પાસે રહેલા થેલાની તપાસી લીધી હતી.

આથી પુછપરછ કરી મહારાષ્ટ્રના જલગાંવ શાન્તાનગર વિસ્તારના દેવીદાસ ચતુરદાસ બેલદાર (ઓડ) ઉ.વ.૫૫ અને હરિભાઈ ચતુરદાસ બેલદાર (ઓડ) ઉ.વ.૫૦ ને પોલીસ મથકે લઈ જવાયા હતા. જયાં તપાસ કરતાં થેલામાંથી ચાઈનાના મોબાઈલ ફોન ઉપર નોકીયાનું લેબલ લગાવેલા રૂ. ૮૮,૫૬૦ ના ૧૨૩ નંગ મોબાઈલ મળી આવ્યા હતા. આ અંગે પોલીસે બંનેની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મોબાઈલ જલદી વેચાય તે માટે કિમિયો કર્યો મહારાષ્ટ્રના બંને શખ્સો સોમવારે પોતાના પરિવાર સાથે પાલનપુર આવ્યા હતા. જેમણે મોબાઈલ જલદી વેચાય તે માટે ચાઈના બનાવટના મોબાઈલ ફોન ઉપર નોકીયા કંપની લખેલા લેબલ ચિપકાવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

છળકપટનો ગુનો નોંધાયો ચાઈના બનાવટના ફોન ઉપર નોકિયા કંપનીના લેબલ લગાવેલા હોવાથી પોલીસે સીઆરપીસી - ૧૦૨ - ૧ડી મુજબ (છળકપટથી આધાર બીલ વગર) વેચાણ કરવાનો ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પાલનપુર ખાતે કોઝી વિસ્તારમાં ચાઈનાના મોબાઈલ ઉપર નોકીયા કંપનીનું લેબલ લગાવેલા મોબાઈલ ફોન વેચતા બે ગિઠયાઓને પોલીસે ઝડપી લીધા.

ખાનગી બસ અને ટ્રકની વચ્ચે અકસ્માત : પાંચના મોત

અમદાવાદ, તા.૧૧

ગુજરાતના જુદા જુદા વિસ્તારમાં અકસ્માતનો સિલસિલો જારી રહ્યો છે. દાહોદ નજીકના રામપુરા ગામ પાસે એક ખાનગી બસ અને ટ્રક ધડાકા સાથે ટકરાતા ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા હતા અને અન્ય ૨૬ લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા તમામ લોકોને તાત્કાલિક ધોરણે સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ બનાવના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. અકસ્માત એટલો પ્રચંડ હતો કે કેટલાકના મોત ઘટનાસ્થળે જ થઈ ગયા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને સમગ્ર મામલામાં પોતાની રીતે તપાસ કામગીરી હાથ ધરી હતી. ગમખ્વાર અકસ્માત અંગે સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, દાહોદ પાસેના રામપુરા ગામ નજીક ઈન્દોર-અમદાવાદ હાઈવે પર આજે સવારે ગોધરા તરફથી ટ્રક અને દાહોદ તરફથી આવતી ખાનગી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બસનો પાછળનો ભાગ ટ્રક સાથે અથડાતા ટ્રકના ચાલકે હતી. ટ્રકમાં અંદાજે ૩૬ લોકો સવાર હતા આ અકસ્માતમાં ચાર લોકો ટ્રકમાં ભરેલા સળીયા નીચે દબાઈ જતાં તેમના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે ૨૬ લોકોને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે સારવાર દરમ્યાન વધુ એક વ્યક્તિનું મોત થયું હતું.

મરનાર પાંચેય દાહોદ જિલ્લાના જગવાડા ગામના રહેવાસી છે. આ અકસ્માતમાં ૩૭ વર્ષીય અશ્વિનભાઈ જુવાલસિંહ પટેલ, ૨૨ વર્ષીય કમલેશ બાબુભાઈ પટેલ, ૨૫ વર્ષીય ગોવિંદભાઈ કાળુભાઈ પટેલ, ૨૮ વર્ષીય કિરણ વિરસિંહ પટેલ તથા સારવાર દરમિયાન મોહન રામસિંહ પટેલનું મોત થયું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં સળીયા નીચે દબાઈ ગયેલા લોકોને કાઢવા માટે ફાયરબ્રિગેડને જાણ કરાઈ હતી. અકસ્માત બાદ સ્થાનિક ગામજનો ઘટના સ્થળે દોડી આવીને બચાવ કામગીરી હાથ ધરી હતી.

શબ્દાવલી - ૫૩૩૬



આડી ચાવી

૧. ખેડૂત (૩)
૨. બીક લાગે તેવું, ભયાનક(૪)
૫. મળી, વરસાદની... (૨)
૬. એક કઠોળ (૨)
૭. સાચું, ઠીક (૨)
૮. સીધું ન જાય બીજે ક્યાંક થઇને જવાનું હોય તે (૨)
૯. રેતનું મેદાન (૨)
૧૦. પાયમાલ, (૪)
૧૩. સ્ટાઇલ (૨)
૧૫. ઠેલણગાડી, લારી (૪)
૧૬. સવારમાં તાજગી માટે... પીવાય (૧)
૧૭. પાયજામો, શર્ટ સાથે પહેરાતું વસ્ત્ર (૨)
૧૮. વરદાન દેનારી (૪)
૧૯. ચાબુક (૩)

ઊભી ચાવી

૧. પ્રયોગ, તરકીબ (૩)
૨. ચારણકુળમાં અવતરેલ એક દેવી (૪)
૩. મર્દાનગી વિનાનો (૪)
૪. કડક, પોચનું વિરોધી (૩)
૫. જિમ્મેદારી (૫)
૧૧. ફોડવાનો દારૂ (૩)
૧૨. દેવોના દેવ, શિવ (૪)
૧૪. ચિત્રકાર (૪)
૧૭. જઠર, અંતર-મન પોતાનું સંતાન (૨)

શબ્દાવલી ૫૩૩૫ના જવાબ

આડી ચાવી :- (૧) તકમરીયા (૫) રસમ (૬) રાજગુરૂ (૧૦) ખાખરા (૧૧) નાસમજ (૧૪) આવાગમન (૧૮) માચડો (૨૦) રીજ (૨૧) સુમસામ (૨૩) વેદાંત (૨૫) મન (૨૬) લટાર

ઊભી ચાવી :- (૨) તરખાટ (૨) કસખ (૩) મમરા (૪) યારાના (૭) જસ (૮) ગુમસુમ (૯) રૂજ (૧૨) જુઆ (૧૩) આચમન (૧૫) વારી (૧૬) ગજવેલ (૧૭) નડતર (૧૮) માસૂમ (૧૯) ડોસા (૨૨) મની (૨૪) ઘંટા

કંપની સમાચાર

આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ એએમસી દ્વારા ગાંધીનગરમાં રોકાણકાર જાગૃતિ સંમેલનનું આયોજન

ભારતની સૌથી વિશાળ એએમસીમાંની એક આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ એસેટ મેનેજમેન્ટ કંપનીએ ૮ માર્ચ, ૨૦૧૪ના રોજ ગાંધીનગરમાં રિટેઈલ રોકાણકારો માટે રોકાણકાર જાગૃતિ સંમેલન આયોજન કર્યું હતું.આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડે રોકાણકાર જાગૃતિ અને શિક્ષણ વધારવા માટે પ્રિન્ટ, આઉટડોર, ડિજિટલ, ઈન્વેસ્ટર કેમ્પ્સ એમ વિવિધ માધ્યમો અપનાવ્યા છે. રોકાણકાર જાગૃતિ અને શિક્ષણ ઝુંબેશને યોગ્ય રીતે રોકાણ કરો (ઈન્વેસ્ટ કરેકટલી)એવું નામ અપાયું છે. આ પહેલનો મુખ્ય હેતુ માહિતગાર અને જ્ઞાન આધારીત નિર્ણયો લેવામાં રોકાણકારોને મદદરૂપ થવાનો છે. જેમાં મ્યુચ્યુઅલ ફંડોના પ્રકાર, મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણના લાભો અને મ્યુચ્યુઅલ ફંડ માર્ગનો ઉપયોગ કરીને તેમના નાણાંકીય લક્ષ્યો પરિપૂર્ણ કરવાનો સમાવેશ થાય છે. કંપની વર્તમાન અને સંભવિત રોકાણકારો સાથે સંદેશાવ્યવહાર કરવા માટે ડાયરેકટ મેઈલર્સનો ઉપયોગ પણ કરે છે. તેઓ રોકાણની સંકલ્પનાઓ પર સરળ માહિતી તેમને મોકલે છે, જે માહિતગાર રોકાણ નિર્ણય લેવામાં તેમને મદદરૂપ થાય છે.

વર્ગીકરણ કરવા તાકિદ

● ***અનુસંધાન પહેલાનું ચાલુ***

જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેકવાનના ધ્યાને આ હકીકત આવતાં તેમણે તંત્રના અધિકારીઓને આ અંગે કડક તાકીદ કરી તાત્કાલિક આ રેકર્ડ વર્ગીકરણની કામગીરી હાથ ધરવા જણાવ્યુ છે. મળતી વિગતો મુજબ પંચાયતની જુદી જુદી ૧૫ જેટલી શાખાની ચાર હજાર જેટલી ફાઈલોના વર્ગીકરણની ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે રેકર્ડ વર્ગીકરણની કામગીરીને ચાર ભાગમાં વર્ગીકૃત કરી અને રેકર્ડ રૂપમાં તે સાચવવામાં આવશે. જિલ્લા પંચાયત દ્વારા ત્રણ વર્ષ બાદ આ મહત્વની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. હાલ ચૂંટણીની આચારસંહિતાને પગલે પંચાયતના કર્મચારીઓ પર કાર્યભારણ પણ ઓછુ હોવાથી આ વર્ગીકરણની કામગીરી એક-બે દિવસમાં જ વેગીલી બની જશે.

ગાંધીનગર જિલ્લામાં રેકર્ડ વર્ગીકરણની આ અગાઉ જિલ્લા કલેક્ટર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. જો કે હજુ ઘણી બધી શાળાઓમાં આ કામગીરી બાકી જરૂર છે પણ મોટાભાગની કામગીરી સંપન્ન થઈ જવા પામી છે. જે ઉલ્લેખનીય છે. હવે પંચાયતમાં જિલ્લાકક્ષાએ આ કામગીરી હાથ ધરવામાં આવી છે. આવી જ કામગીરી તાલુકા કક્ષાએ પણ હાથ ધરવામાં આવે તેવી સૂચનાઓ આપવામાં આવી છે.

તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પંચાયતની વિવિધ શાખાઓની વિઝીટ લીધી ત્યારે ફાઈલોના ઢગલા જોઈ ચોંકી ઉઠ્યા હતા અને તાબડતોબ આ અંગેની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

● ***અનુસંધાન છેલ્લાનું ચાલુ***

જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પરીક્ષા સમિતિની બેઠક પણ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન પરીક્ષાના શાંતિપૂર્ણ આયોજનને લઈ મહત્વના નિર્ણયો લેવાયા હતા. પરીક્ષા દરમિયાન પ્રથમવાર સરકારી પ્રતિનિધિઓ છે. સ્કવોર્ડના સભ્યોને પણ મોબાઈલ સાથે ન રાખવા સૂચના આપી દેવાઈ છે. પરીક્ષા કેન્દ્રોને મોબાઈલ ફ્રી રાખવા આદેશ કરાયો છે. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રો પર સી.સી. ટીવી કેમેરાના આધારે તૈયાર કરાયેલી ફૂટેજની સીડીની ચકાસણી બાદ શંકાસ્પદ હીલચાલ માલુમ પડશે તો જવાબદાર સામે કાર્યવાહી હાથ ધરાશે.

આ ઉપરાંત પરીક્ષા સ્થળો આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવાનો પણ અમલ થશે. જ્યારે પરીક્ષા કેન્દ્રો ઉપર પણ ઝેરોક્ષ, ફેક્સ તેમજ ઈન્ટરનેટ બંધ રાખવા આદેશ કરાયો છે. વધુમાં કોઈપણ પ્રકારની ગેરરીતીને અવકાશ ન મળે તે માટે જે તે વિષયની પરીક્ષા દરમિયાન સંબંધિત શિક્ષકોની જિલ્લા કક્ષાએ જ પેપર સહ રચના અંગે તાલીમ યોજવામાં આવશે. જિલ્લાના પરીક્ષા કેન્દ્રો આસપાસ કલમ ૧૪૪ના જાહેરનામાનો અમલ કરવામાં આવશે. પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્રની કચેરીને કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવાયો છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે શિક્ષકોની હેલ્પલાઈન પણ શરૂ કરી દેવાઈ છે.